____________________________

____________________________

____________________________

____________________________

____________________________

DATE:

પ્રતિ આચાર્યશ્રી,

સ.અ.આ.મ.વિ.-સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ,

કોલવડા-ગાંધીનગર

વિષય: હોસ્ટેલ મા એડમિશન લેવા બાબત .

સવિનય સાથે ઉપરોક્ત વિષયે જણાવવાનુ કે હું નીચે સહી કરનાર ......................................................................... સ.અ.આ.મ.વિ.-સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે ...........................વર્ષ મા અભ્યાસ કરુ છું. મારે સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ ને ભાઈઓ / બહેનો માટે ફળવવામા આવેલ હોસ્ટેલ મા એડમિશન લેવું છે, જે અંગે ની મંજૂરી આપવા વિનંતી. હું ..................................................., હોસ્ટેલ સમ્બંધીત જે પણ પ્રવર્તમાન નિયમો તથા સુવિધાઓ છે, તે મારી જાણકારી મા છે તથા મને ઉપલબ્ધ સુવિધાઓ મંજૂર હોય આ અંગે એડમિશન માટે મંજૂરી આપવા આપશ્રી ને નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ

( )

## <u>: બાહેધરી :</u>

આથી હુ બાંહેધરી આપુ છે કે , હું નીચે સહી કરનાર ....................................................................... સ.અ.આ.મ.વિ.-સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે ...........................વર્ષ મા અભ્યાસ કરુ છું. મારે સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ ને ભાઈઓ / બહેનો માટે ફળવવામા આવેલ હોસ્ટેલ મા એડમિશન લેવું છે. હું ...................................................., હોસ્ટેલ સમ્બંધીત જે પણ પ્રવર્તમાન નિયમો તથા સુવિધાઓ છે, તે મારી જાણકારી મા છે તથા મને ઉપલબ્ધ સુવિધાઓ મંજૂર છે. હોસ્ટેલ સમ્બંધીત પ્રવર્તમાન તથા વખતોવખત લાગુ પડાવામા આવનાર નિયમો તથા ફરજો નું પાલન કરવાની બાંહેધરી આપુ છું.

સહી

( )

## <u>: બાહેધરી : (માતા /પિતા /વાલી )</u>

આથી હુ બાંહેધરી આપુ છે કે મારુ નામ .......................................................................છે, તથા મારો પુત્ર/ મારી પુત્રી ........................................................................ સ.અ.આ.મ.વિ.-સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે ...........................વર્ષ મા અભ્યાસ કરે છે. તેને સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ ને ભાઈઓ / બહેનો માટે ફળવવામા આવેલ હોસ્ટેલ મા એડમિશન લેવું છે. હોસ્ટેલ સમ્બંધીત જે પણ પ્રવર્તમાન નિયમો તથા સુવિધાઓ છે, તે મારી જાણકારી મા છે તથા ઉપલબ્ધ સુવિધાઓ મને મંજૂર છે. હોસ્ટેલ સમ્બંધીત પ્રવર્તમાન તથા વખતોવખત લાગુ પડાવામા આવનાર નિયમો તથા ફરજો નું પાલન કરાવવાની બાંહેધરી આપુ છું. હોસ્ટેલ સમ્બંધીત શિસ્તતા ભંગ તેમજ અન્ય નિયમો ના પાલન ન કરવા ના સંજોગોમા મારા પુત્ર/ મારી પુત્રી પર નિયમાનુસાર કાર્યવાહી થશે તે અંગે મને જાણકારી છે.

સહી

( )

# STUDANT INFORMATION FORM-

## GAAC HOSTEL AT KOLAVADA

## GOVT. AKHANDANAND AYURVED COLLEGE, SMIAS CAMPUS, KOLAVADA-GANDHINAGAR

# WRITE ALL INFORMATION IN BLOCK LETTERS ONLY

| | |
|---|---|
| **Date** | |
| **Name-** | |
| **Contact No** | |
| **AADHAR No.** | |
| **Parent Name-Father's Name & Contact No** | |
| **Parent Name-Mother's Name& Contact No** | |
| **Emergency Contact Details(Plz Specify Minimum 2 Contact Info With Name And Address)** | 1.<br>2. |
| **Blood Group** | |
| **Permanent Residential Address** | |
| **Any Ongoing Diseases Or Allergy Or Any Ongoing Medical Condition & Medication -Describe In Detail(ATTECH SEPARATE DOCUMENTS -IF NEEDED)** | |
| **Hostel Reporting Date & Time - Note: Reporting Time Is Only Between** | |

| | |
|---|---|
| **9-00 Am To 4-30 Pm. Nobody Will Allow To Report Other Than Mentioned Time In Any Case.** | |
| **Current Professional Year** | |

SIGNATURE OF STUDENT

( )

SIGNATURE OF PARENTS

( )

## FOR OFFICE USE ONLY

As Per Above Application, all the mandatory documents & duly signed application form submitted / not submitted. Student is permitted for the admission in the boy's/ Girl's Hostel and allotted Room No. ______________

SIGN

GAAC-SMIAS CAMPUS -KOLAVADA-GANDHINAGAR

## સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જુનાગઢ/ભાવનગર/વડોદરા/અખંડાનંદ/કોલવડા
## બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ
## -: છાત્રાલયના નિયમ:-

**વિદ્યાર્થીઓએ કોલેજ હોસ્ટેલમાં પ્રવેશ મેળવ્યા બાદ નિમ્નોક્ત નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.**

**૧. દેખરેખ અને નિયમો:-**

૧. છાત્રાલયમાં વસતા વિદ્યાર્થીઓ પર દેખરેખ અને નિયંત્રણ અધ્યવેક્ષક (warden/રેક્ટર) ને આધીન રહેશે.

**૨. કક્ષો (Rooms)ની વહેંચણી:-**

૧. છાત્રાલયમાં શુલ્ક દર સત્ર પુરતું હોય છે અને તે નિયત સમયમાં દરેક સત્રના પ્રારંભે અગાઉથી જ ભરી દેવાનું છે. છાત્રાલય શુલ્કની સાથોસાથ નિયત સમયમાં અનામત રકમ પણ ભરવાની છે. આ અનામત રકમ જયાં સુધી વિદ્યાર્થી છાત્રાલયમાં રહેશે ત્યાં સુધી કોલેજ સાચવી રાખશે. પરંતુ ત્યારબાદ મૂળ પહોંચ પાછી આપશે તો તે અનામત તેને પાછી આપવામાં આવશે. જે અંગેના આચાર્યશ્રીનો આખરી નિર્ણય બંધનકર્તા રહેશે.

૨. છાત્રાલયમાં રહેવા માટેની અરજી છાપેલા ફોર્મમાં અધ્યવેક્ષક (warden/રેક્ટર) દ્વારા આચાર્યશ્રીને મોકલવી પડશે.

૩. કક્ષોની વહેંચણી, વિદ્યાર્થીનો અરજીનો ક્રમ, અભ્યાસનું વર્ષ, વર્તન, પરીક્ષાનું પરિણામ અને રમત-ગમતમાં નિપૂણતાને નજરમાં રાખીને કરવામાં આવશે. પરંતુ આચાર્ય પોતાની વિવેકબુદ્ધિથી કોઇપણ વિદ્યાર્થીને ના પાડી શકશે અથવા તો ગમે તે વખતે વિદ્યાર્થીને શિસ્તના પગલા તરીકે છાત્રાલયમાંથી દૂર કરી શકશે. દરેક કક્ષમાં સમાવેશના અવકાશ પ્રમાણે સંસ્થાએ નક્કી કરેલ સંખ્યામાં વિદ્યાર્થીઓએ રહેવું પડશે. આ સંખ્યા દરેક કક્ષ ઉપર લખેલ હશે.

૪. જે વિદ્યાર્થીને કક્ષમાં એક જગ્યા આપવામાં આવી હશે તેણે જો નક્કી કરેલ તારીખ સુધીમાં પોતાનું શુલ્ક વગેરે ભર્યુ નહી હોય તો તેનો જગ્યાનો હકક રદ ગણવામાં આવશે અને તેને બદલે તે જગ્યા પછીના યોગ્ય ઉમેદાવારને આપવામાં આવશે.

૫. રેકટરશ્રીએ વિદ્યાર્થીઓએ નિયત સમયમાં શુલ્ક ભર્યા અંગેની નોંધ રજીસ્ટરમાં કરવાની રહેશે.

**3. સ્વચ્છતા:-**

૧ દરેક ઓરડાની અને અંદરના ફર્નીચરની સ્વચ્છતા જાળવવાની જવાબદારી જે તે ઓરડામાં રહેનારાઓની છે. સ્વચ્છતા અંગે તેઓએ પરસ્પર સમજી લેવાનું રહેશે.

૨. વિદ્યાર્થીએ પોતાની પથારી જાતે જ કરવાની રહેશે અને તેની સ્વચ્છતા જાળવવા કાળજી રાખવી પડશે.

3. નકામા કાગળો અને કચરો નિયત જગ્યાએ રાખેલ ટોપલીઓમાં જ નાખવાનો રહેશે.

૪. ઓરડામાં જવા આવવાના માર્ગોમાં, અગાશીમાં, સીડીના માર્ગમાં, કે બીજે કયાંય મકાનની અંદર થૂંકવાની સખ્ત મનાઇ છે.

૫. નિવાસ કક્ષોની અંદર ભોજન બનાવવા કે લાવવાની મનાઇ છે.

**૪. છાત્રાલય મિલકતને નુકશાન:-**

૧. ખીલી-ખીલા ખોડવા, દિવાલો બગાડવી કે એવી રીતે છાત્રાલયની મિલકતને કે ફર્નીચર વગેરેને કંઇ નુકશાન કરવામાં આવશે તો (૧) તે તે ઓરડામાં રહેનારને ખર્ચે કે (૨) આખા છાત્રાલયમાં રહેનારાઓના ખર્ચે જે પ્રમાણે આવશ્યક જણાય તે પ્રમાણે સમારવામાં આવશે.

૨. કોઇપણ છાત્રાલય નિવાસીએ પોતાની પાસે ઘરેણા, જર-જવાહીર કે કીંમતી વસ્તુઓ રાખવાની નથી કે પૈસા જયાં ત્યાં રાખવાના નથી. છાત્રાલયમાંથી કોઇ વસ્તુ ચોરાઇ જશે તો તેને માટે છાત્રાલયના સત્તાવાળાઓ જવાબદાર રહેશે નહિ છતાં એવું બને ત્યારે વિદ્યાર્થીઓએ અધ્યવેક્ષકને તુરત જ ખબર કરવા, જેથી આવશ્યક પગલાં લઇ શકાય.

૩. વિદ્યાર્થીએ પોતાનું તાળું લગાવવાનું રહેશે. આ તાળાની બીજી ચાવી તેઓએ અધ્યવેક્ષકને આપવી પડશે કે જે વિદ્યાર્થીની ગેરહાજરી જેવી કે વેકેશનના દિવસો અથવા લાંબી રજા જેવા પ્રસંગોએ ઓરડાને વાળી-ચોળી સાફસૂફ રખાવી શકે.

૪. કોઇપણ વિદ્યાર્થીએ તેમની રૂમમાં કેફી પદાર્થ કે દ્રવ્યો રાખવા નહી અને વિદ્યાર્થીએ તેના રૂમમાં અશ્લીલ કે બિભત્સ સાહિત્ય, ફોટા, કેલેન્ડર કે પોસ્ટર રાખવા કે ચોંટાડવા કે સરકયુલેટ કરવા નહીં.

૫. છાત્રાલયની હદમાં જુગાર, વરલી કે પાના જેવી રમતો જેવી કોઇપણ રમતો રમવી નહી, વાંધાજનક, પ્રતિબંધિત કાયદા વિરૂદ્ધની કોઇપણ રમત રાખવી નહીં.

૫. **વિદ્યાર્થીઓનું વર્તનઃ-**

૧. જેનાથી ભણતરમાં ખલેલ પડે તેવી કોઇપણ વસ્તુની હંમેશા મનાઇ રહેશે અને જેનાથી ઉંઘમાં ખલેલ પડે એવી કોઇ પણ વસ્તુ રાત્રે ૯ વાગ્યા પછી બંધ થઇ જવી જોઇએ. વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે નીચે પ્રમાણે "શાંતિસમય" પાળવો પડશે કે જયારે કોઇપણ જાતના અવાજથી શાંતિનો ભંગ કરવાનો નથી. "શાંતિસમય" રાત્રે ૯ થી સવારના ૬ વાગ્યા સુધીનો રહેશે અને હોસ્ટેલમાં અધ્યયનનો સમય ૯ થી ૧૧ નો રહેશે જેનું સર્વેએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. છાત્રાલય નિવાસી વિદ્યાર્થીઓને છાત્રાલયની હદમાં કયાંય અધ્યવેક્ષકની પરવાનગી સિવાય સભા બોલાવવાની છૂટ નથી.

૭. કોઇપણ અસામાન્ય કાર્ય, છાત્રાલય નિવાસી વિદ્યાર્થીઓ કરવા માગતા હોય તે અધ્યવેક્ષકની પૂર્વ પરવાનગી વગર થઇ શકશે નહીં.

૮. બોય્ઝ હોસ્ટેલમાં રાત્રિના મોડામાં મોડું 8 pm પહેલા તથા ગર્લ્સ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ માટે 7 pm વાગ્યા પહેલા રૂમમાં પહોંચી જવું. ખાસ સંજોગોમાં રેકટરશ્રીની પરવાનગી જરૂરી છે. જે લોકો ગેરહાજર હોય તેના નામ બીજે દિવસે અધ્યવેક્ષકશ્રી આચાર્યશ્રીને લખી મોકલશે.

૯. છાત્રાલય નિવાસી વિદ્યાર્થીએ, અધ્યવેક્ષકની પરવાનગી મેળવીને પણ રાત્રે મોડા આવવાના હોય તો જે જગ્યાએ જવાનું હોય તેનું નામ અને સરનામું અને પોતે પાછા કયારે આવશે તેનો સમય માટે રાખેલ રજીસ્ટરમાં લખવો પડશે.

૧૦. રજા માટેની સર્વ અરજીઓ વિદ્યાર્થીએ રીતસરનાં ફોર્મમાં કરવી પડશે.

૧૧. વિદ્યાર્થી કોલેજ અને છાત્રાલય બંન્નેમાં એક સાથે ગેરહાજર રહેવા માગતા હોય તેને અધ્યવેક્ષક પરવાનગી આપી શકશે નહીં આને માટે વિદ્યાર્થીએ અધ્યવેક્ષક મારફત આચાર્યશ્રીને અરજી કરવી પડશે.

૧૨. છાત્રાલય વાસીઓને મળવા માટે બહારના માણસોને નીચેના સમયે પરવાનગી આપવામાં આવશે. (રવિવારે અને રજાના દિવસે સવારના ૯ થી ૧૧ ) વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીનીએ છાત્રાલયના રૂમમાં અનુક્રમે વિદ્યાર્થીનીઓને અથવા વિદ્યાર્થિને મળવાની છૂટ નથી. આવી રજા ૧૫ મિનિટથી વધુ નહીં હોય છાત્રાલયમાં બહારના માણસોને મળવા માટે અધ્યવેક્ષકની રજા લેવી આવશ્યક છે.

૧૩. પુરૂષ કે સ્ત્રી મુલાકાતીઓએ વિઝીટર બુક જે ત્યાં રાખવામાં આવેલ છે. તેમાં પોતાનું પુરૂં નામ અને બીજી જણાવેલ વિગતો ભરવાની છે.

૧૪. વિદ્યાર્થીઓના કોઇ પણ સગાસંબંધીઓ (સ્ત્રી મહેમાનોને પણ) છાત્રાલયમાં રહેવા દેવામાં આવશે નહિં. વિદ્યાર્થીઓના માતૃશ્રી વડીલ બહેન કે વાલીને છાત્રાએ પોતાની રૂમ પર લઇ જવા હોય તો તે માટે આચાર્ય કે રેક્ટરની પરવાનગી લઇ ફક્ત ૫ મીનીટ માટે રૂમમાં પોતે કઇ વ્યવસ્થાથી રહે છે તે બતાવી વડીલો માટેના મુલાકાતી ખંડમાં પરત લાવી બેસાડી વાતોચીતો કરી શકાશે.

૧૫. વિદ્યાર્થીના વાલીએ આચાર્ય સાહેબને પોતાના સંતાન કે આશ્રિત માટેના સ્થાનિક વાલીનું નામ આપવું પડશે તેમજ સત્રની શરૂઆતમાં એક વખત વાલીએ રૂબરૂ આવી આચાર્ય/અધ્યવેક્ષકનો સંપર્ક સાધવાનો રહેશે.

૧૬. છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને નામે પોસ્ટના જે કાગળો આવશે તેને પ્રથમ અધ્યવેક્ષકને સોંપવામાં આવશે, જે તે પછી તેની વહેંચણીનો પ્રબંધ કરશે.

૧૭. માંદગીના દરેક કિસ્સામાં અધ્યવેક્ષકને તાત્કાલિક ખબર આપવાના છે.

૧૮. કોઇપણ વિદ્યાર્થીને પોતાના અંગત સેવક/ સાથી લાવવા કે રાખવા દેવામાં આવશે નહીં.

૧૯. છાત્રાલયમાં કુતરાઓ કે બીજા પાળેલા પ્રાણી રાખવાની વિદ્યાર્થીઓને મનાઇ છે.

૨૦. જયાં કોઇ ચેપી રોગનો તાજો કિસ્સો બન્યો હોય તેવા ઘરે જવાની છાત્રાલય વાસીઓને મનાઇ છે. અકસ્માત કોઇ આવું બની આવે તો છાત્રાલયમાં પાછા ફરતાં પહેલાં તે હકીકત અધ્યવેક્ષકને ચોકકસપણે જણાવવાની છે.

૨૧. છાત્રાલયના અધ્યવેક્ષકે જોવાનુ છે કે છાત્રાલયના વિદ્યાર્થીઓ શિસ્ત, સ્વચ્છતા અને સ્વાસ્થ્યના નિયમો ચૂસ્તપણે પાળે છે. અને જેઓ તેનો ભંગ કરતા હોય તેઓના નામ આચાર્ય સાહેબને તે જણાવશે જે ઉપરથી તેની સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

૨૨. છાત્રાલયમાં કોઇપણ કર્મચારી/વ્યક્તિ સામેની ફરિયાદ અધ્યવેક્ષકને કરવાની છે આ બાબતમાં) કોઇપણ વિદ્યાર્થી સીધા પગલા લઇ શકશે નહીં.

૨૩. મુખ્ય દરવાજો શિયાળામાં ૮.૩૦ વાગ્યે બંધ કરવામાં આવશે.

૨૪. આમાંના કોઇપણ નિયમને જયારે અને જેમ આવશ્યક જણાય ત્યારે અને તેમ બદલવાની આચાર્યને અબાધિત સત્તા છે.

૨૫. વિદ્યાર્થીનીઓએ રાત્રે ૯.૦૦ પછી મકાનની અગાસીમાં જવાનું નથી. પરંતુ ઉનાળાના સમયમાં અધ્યવેક્ષકની રજા લઇ તેઓ એક કલાક વધુ રોકાઇ શકશે.

૨૬. છાત્રાલયમાં વિદ્યાર્થીઓ દ્વારા ચાલતી મેસ કે રસોડા ના નિયમોનું પાલન કરવાનું રહેશે.

૨૭. ઓરડાની અદલાબદલી કરવામાં કે ઓરડામાંથી ફર્નિચર ખસેડતા પહેલાં અધ્યવેક્ષકની પરવાનગી લેવી જરૂરી છે.

૨૮. વિજળીની સગડી, હીટર, ઇસ્ત્રી, બોઇલર, કીટલી, રેડિયો, ટી.વી., વીડિયો, વાજીત્રો, એવા બીજા વિજળીના સાધનો કોઇપણ વિદ્યાર્થી વાપરી શકશે નહીં.

૨૯. જે ફર્નિચર વગેરે વિદ્યાર્થીને ઉપયોગ માટે આપવામાં આવશે તે સગવડને દ્રષ્ટિમાં રાખી આપવામાં આવશે. પણ તેને માટે વિદ્યાર્થી કોઇ પણ પ્રકારનો હકક આગળ કરી શકશે નહીં.

૩૦. દરેક વિદ્યાર્થીએ હંમેશા રાત્રે ૧૦ વાગ્યા પછી પોતાના ઓરડામાં જ રહેવાનું છે.

૩૧. છાત્રાલયની કોઇપણ વિદ્યાર્થીનીએ તેના માતા કે પિતાની હાજરી સિવાયના કોઇપણ સંજોગોમાં રાત્રિ છાત્રાલય બહાર ગાળવા દેવામાં આવશે નહી. માતા કે પિતાની લેખિત માંગણીથી શ્રી પ્રિન્સીપાલ રજા આપી શકશે.

૩૨. વિજળી અને પાણીનો નિરર્થક વ્યય ન થાય તે જોવાની દરેક વિદ્યાર્થીની ફરજ રહેશે.

૩૩. જે તે ચિકિત્સાલયમાં ફરજ આપવાની હોય તેવા વિદ્યાર્થી સિવાય કોઇ પણ વિદ્યાર્થીને આચાર્યને લેખિત પરવાનગી સિવાય વેકેશન દરમ્યાન છાત્રાલયમાં રહેવા દેવામાં આવશે નહીં.

૩૪. વિદ્યાર્થી વેકેશનમાં જયારે રજા ઉપર જાય ત્યારે તેણે ફરજીયાત પોતાના સમાનને તાળું લગાવી અધ્યવેક્ષકને તેના રૂમની બીજી ચાવી આપીને જવાની છે.

૩૫. બહારગામ જવા માટે દરેક વિદ્યાર્થીએ આચાર્ય/રેકટર ની પ્રથમ લેખિત પરવાનગી લેવાની રહેશે. અને વિદ્યાર્થી ૨૪ કલાકથી વધુ છાત્રાલયની બહાર રહેવાનો હોય તો પોતાના રૂમની ચાવી છાત્રાલયના રેક્ટરની પાસે જમા

૩૪. વિદ્યાર્થી વેકેશનમાં જયારે રજા ઉપર જાય ત્યારે તેણે ફરજીયાત પોતાના સમાનનેતાળું લગાવી અધ્યવેક્ષ્ચકને નક્કી કરેલા સામાન્ય ઓરડામાં તથે સામાન રાખવાનો અને તેની બીજી ચાવી અધ્યવેક્ષ્ચકને આપવી જવાની છે.

૩૫. બહારગામ જવા માટે દરેક વિદ્યાર્થીએ સુપ્રિન્ટેડન્ટ સાહેબની પ્રથમ લેખિત પરવાનગી લેવાની રહેશે. અને વિદ્યાર્થી ૨૪ કલાકથી વધુ છાત્રાલયની બહાર રહેવાંનો હોય તો પોતાના રૂમની ચાવી છાત્રાલયના સુપ્રિન્ટેડન્ટ સાહેબની પાસે જમા કરાવવાની રહેશે. જો વિદ્યાર્થી પોતાની ચાવી જમા કરાવ્યા સિવાય છાત્રાલય બહાર ૨૪ કલાર કે ૨૪ કલાક ઉપરાંત બહાર રોકાશે તો તે રૂમ ખોલીને કે તે રૂમનું તાળું તોડીને રૂમનું બારણું સુપ્રિન્ટેડન્ટ સાહેબ ખોલી શકશે. તેમાં કોઇપણ વિદ્યાર્થીનો વાંધો ચાલશે નહીં કે તે અંગે કોઇ ફરિયાદ કરી શકશે નહીં.

૩૬. એક રૂમમાં એક થી વધારે વિદ્યાર્થી રહેતા હોય ત્યારે તે રૂમ્ની ચાવી એકબીજાને સોંપવાની ગોઠવણ વિદ્યાર્થીએ કરવાની રહેશે. જેથી બીજા કોઇ વિદ્યાર્થીને અગવડમાં મૂકાવું પડે નહીં. આવી વ્યવસ્થા વિદ્યાર્થીએ કરી નહી હોય તો તે રૂમનું સુપ્રિન્ટેડન્ટ તાળું તોડીને બીજા વિદ્યાર્થીને રૂમ ખોલી આપશે તેમાં વિદ્યાર્થીનો વાંધો ચાલશે નહીં.

૩૭. છાત્રાલયના નિયમોનો ભંગ થયો છે કે નહીં તે વિરૃધ્ધ વિદ્યાર્થીનએ વર્તન કરેલ છે કે નહી તે અંગેનો મહાવિદ્યાલયના આચાંર્યશ્રીનો નિર્ણય  આખરી અને તે વિદ્યાર્થીઓને તથા આ સંબંધિત સર્વેને બંધનકર્તા રહેશે.

ઉપરોક્ત સર્વે નિયમોમાં સુધારા કરવાની સત્તા મહાવિદ્યાલયના આચાર્યશ્રીની અબાધિત રહેશે. અને તાકીદના સંજોગોમાં  તે અંગે આચાર્યશ્રી સૂચના કરશે. તે હોસ્ટેલમાં રહેતા સર્વે છાત્રોને અને હોસ્ટેલના સંચાલન પરત્વે સહયોગી થયેલ સર્વેને બંધનકર્તા રહેશે.

અમો ............................................................ એ ઉપરોક્ત નિયમો વાંચી, સમજીને સહી કરેલ છે અને તે વિરૃધ્ધ વર્તનથી હું શિક્ષાને પાત્ર થઇશ. તે સમજી અમોએ સહી કરેલ છે.

૧...........................................................
વિદ્યાર્થીની સહી

૨...........................................................
પિતા/વાલીની સહી.

પ્રતિ રેક્ટરશ્રી,

સ.અ.આ.મ.વિ.-સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ,

કોલવડા-ગાંધીનગર

વિષય: હોસ્ટેલ માં એડમિશન મળ્યેથી હાજર થવા બાબત.

સવિનય સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનુ કે મને ........................................................................

સ્ટેટ મૉડેલ આયુર્વેદ કોલેજ કેમ્પસ, કોલવડા-ગાંધીનગર ખાતે આવેલ સરકારી અખંડ આનંદ કોલેજ ની બોયઝ હોસ્ટેલ માં એડમિશન મળેલ છે. હું નીચે મુજબ તારીખ તથા સમયે હોસ્ટેલ માં રહેવા માટે આવવાનો છું, તો આ અંગે ની મંજૂરી આપવા વિનંતી.

તારીખ:

સમય:

આપનો વિશ્વાસુ

(                    )